Vol. 6, Sp. Issue: 5, May: 2018
(IJRSML) ISSN: 2321 - 2853

# ગાંધીજી અને તેમના શૈક્ષણિક વિચારો

કેતુલભાઈ કિરીટભાઈ પરમાર

## ૧. પ્રસ્તાવના

મહાત્મા ગાંધીજીએ પોતાની જીવન ફિલસુફી માંથી ઘણું આપ્યું છે. જીવનનું એક પણ ક્ષેત્ર એવું નથી કે જેમાં ગાંધીજીએ આપણને કંઈક ને કંઈક આપ્યું કે કહ્યું ના હોય ! ધર્મ, સંસ્કૃતિ, સમાજકારણ, રાજકારણ કે અર્થકારણ દરેક ક્ષેત્રમાં તેમનું આગવું ચિંતન રહ્યું છે. 'મારું જીવન એ મારો સંદેશ' એમ કહેનાર આ મહામાનવે વિચારમાં અને આચારમાં અનન્ય ઐક્ય સાધ્યું હતું. હકીકતમાંતો તેઓ નહોતા શિક્ષક કે નહોતા કેળવણીકાર ! છતાં શિક્ષણ અંગે તેમણે ખૂબ સારા પોતાના વિચારો પ્રગટ કર્યા છે. મહાત્મા ગાંધીજી માનતા હતા કે શિક્ષણ ત્યાં સુધી ઉપયોગી નથી કે જ્યાં સુધી તે એક સારા નાગરિકનું નિર્માણ ના કરી શકે. શિક્ષણ દ્વારા સારા નાગરિકનું નિર્માણ કરી દેશને વધુ શક્તિશાળી બનાવી શકાય છે. ગાંધીજીના માટે શિક્ષણ એવું આપવું જોઈએ કે "બાળકોના બૌદ્ધિક, સામાજિક, માનસિક, વ્યાવસાયિક વગેરે જેવા જુદા-જુદા પાસાંઓનો સર્વાંગી વિકાસ સાધી શકાય.

## ૨. ગાંધીજી અને તેમના શૈક્ષણિક વિચારો

ગાંધીજીના મતે શિક્ષણદ્વારા મુખ્યત્વે બાળકોમાં નૈતિક તેમજ સામાજિક મૂલ્યોનું ઘડતર થાય તે જરૂરી છે. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થવો એ જ સાચું શિક્ષણ છે. માત્ર અક્ષર જ્ઞાન એ જ સાચું શિક્ષણ નથી. પરંતુ વ્યક્તિનો સર્વાંગી વિકાસ કરે એ સાચું શિક્ષણ છે. ગાંધીજીએ શિક્ષણ અંગે પોતાના વિચારો નીચે મુજબ વ્યક્ત કર્યા છે.

### (૧) પાયાનું શિક્ષણ

વર્ધા શિક્ષણ સંમેલનમાં ૧૯૩૭ ની ૨૨-૨૩ ઓક્ટોબરે મુખ્યત્વે ચાર ઠરાવ પસાર કરવામાં આવ્યા જેમાં ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ, માતૃભાષા દ્વારા શિક્ષણ, શિક્ષણની પ્રક્રિયા કોઈ પણ પ્રકારના શારીરિક અને ઉત્પાદક કાર્યની આસપાસ ગૂંથવી, અને શિક્ષણ પદ્ધતિ એવી હોવી જોઈએ જેમાંથી શિક્ષકનો પગાર નીકળે આ ચાર ઠરાવ પસાર થયા તે પાછળથી નઈ તાલીમ (બુનિયાદી શિક્ષણ)નો સિદ્ધાંત બન્યો.

ગાંધીજી પાયાના શિક્ષણ તરફ દૃષ્ટિ ફેંકતા કહે છે કે બાળકને માતૃભાષા દ્વારા ખીલવી શકાય છે. તેમના પાયાનું શિક્ષણનું માધ્યમ માતૃભાષા હોવી જોઈએ. જેમાં ૬ થી ૧૪ વર્ષના બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણ આપવા પર ભાર મૂક્યો છે.

### (૨) સ્વ-શોધ માટેનું શિક્ષણ

ગાંધીજી ચારિત્ર્ય નિર્માણને માનવ કૌશલ્યોને મહત્વ આપે છે. શિક્ષણનો હેતુ એવો હોવો જોઈએ કે બાળકના સમગ્ર વ્યક્તિત્વનો સર્વાંગી વિકાસ સાધી શકાય. તેઓ માનતા હતા કે શિક્ષણનો અભ્યાસક્રમ એવો હોવો જોઈએ કે વિદ્યાર્થી જ્ઞાન મેળવીને સ્વાવલંબી બની શકે. બાળકમાં લોકશાહીના ગુણો વિકસાવવા જોઈએ. જેથી તે રાષ્ટ્રના નિર્માણમાં અને વિકાસમાં સહભાગી થઈ શકે.

### (૩) આધ્યાત્મિક વિકાસને લગતું શિક્ષણ

ગાંધીજીએ આધ્યાત્મિક કેળવણી પર ભાર મૂક્યો છે. કેળવણીએ સમાજને આધ્યાત્મિક સ્વતંત્રતા તરફ લઈ જાય છે. શિક્ષણએ આત્માની જાગૃતિ છે. ઈ.સ. ૧૯૨૦ માં ગાંધીજી દ્વારા અમદાવાદમાં 'ગુજરાત વિદ્યાપીઠ'ની સ્થાપના કરવામાં આવી હતી. ગાંધીજીએ વિદ્યાપીઠના શૈક્ષણિક અભ્યાસક્રમમાં રાષ્ટ્રીય ભાવના અને માનવતાને મહત્વ આપ્યું છે. આધ્યાત્મિક શિક્ષણથી બાળકના મન અને આત્મામાં રહેલા સર્વશ્રેષ્ઠ અંશોને બહાર લાવી તેનો સર્વાંગી વિકાસ સાધી શકાય છે. તેનામાં રહેલી સુષુપ્ત શક્તિઓને બહાર લાવી પૂર્ણતાને આરે લઈ જઈ શકાય છે.

### (૪) સામાજિક વિકાસને લગતું શિક્ષણ

ગાંધીજીની કેળવણીની ફિલસુફી માનવતાવાદ પર આધારિત છે. ગાંધીજીએ જે શિક્ષણ યોજના રજૂ કરી તેને 'નઈ તાલીમ' કે 'બુનિયાદી શિક્ષણ' તરીકે ઓળખવામાં આવે છે. જેમાં વ્યક્તિગત વિકાસ દ્વારા વિકાસની બાબતને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. ગાંધીજીના માટે કેળવણી દરમિયાન બાળકોમાં સેવા, પ્રેમ, ભાઈચારો, સ્વતંત્રતા એ સમાનતા જેવા સામાજિક ગુણોનું સિંચન કરી

આદર્શ નાગરિક બનાવી શકાય છે. ગાંધીજીએ સમાજને ઉપયોગી થાય એવા જીવનના શાશ્વત મૂલ્યોની સમજ બાળકોમાં કેળવાય તેનું આચરણ થાય એવી કેળવણીની હિમાયત કરી છે.

**(૫) વ્યાવસાયિક વિકાસને લગતું શિક્ષણ**

ગાંધીજીએ વ્યાવસાયિક શિક્ષણને પણ મહત્વ આપ્યું છે. કેળવણી દ્વારા વિદ્યાર્થીઓમાં ઉત્પાદકતાનું મૂલ્ય વિકસે એ અત્યંત જરૂરી છે. ગાંધીજી માનતા હતા કે શિક્ષણ વ્યવસ્થા કોઈને કોઈ ઉત્પાદક ઉદ્યોગની આસપાસ વણાયેલી કે ગૂંથાયેલી હોવી જોઈએ.સ્થાનિક ઉદ્યોગો સાથે અનુબંધ કરીને શિક્ષણ આપવામાં આવે તો વિદ્યાર્થી શિક્ષણ પૂર્ણ કરે ત્યારે પ્રાપ્ત કરેલ કૌશલ્યોથી તેઓ સ્વાવલંબી બને. વ્યાવસાયિક કેળવણીથી બાળકના સર્વાંગી વિકાસની સાથે તે શિક્ષણ મેળવ્યા બાદ બાળક પોતાને સ્વનિર્ભર બનાવી શકે છે. તે પોતાના પરિવારના ભરણપોષણમાં સહાયક બનવા માટે સક્ષમ બની શકે છે. ગાંધીજી માનતા હતા કે હસ્તકલાના ઉદ્યોગો, પશુપાલન, ખેતી વગેરે જેવા નાના પાયાના ઉદ્યોગો વગેરેના શિક્ષણ પર ભાર મુકવો જોઈએ.

**૩. સમાપન**

આમ, ઉપરોક્ત વિવિધ શિક્ષણ અંગે ગાંધીજીએ પોતાના વિચારો રજુ કર્યા છે. પરંતુ, આજે આપણે ગાંધીજીના શિક્ષણ અને નીતિની અવગણના કરી છે, જેની કિંમત આપણે ભોગવવી પડશે. કારણ સાફ છે, કેમ કે જે શિક્ષણ નીતિને લઈને આજે આપણે આગળ વધી રહ્યા છીએ તેમાં એકલતાપણું છે. આ શિક્ષણ પદ્ધતિ બાળકને કૌશલ્ય વર્ધન નથી બનાવતી, ફક્ત અક્ષરજ્ઞાન પ્રાપ્ત કરનારા બાળકો જ પેદા થાય છે. આટલી મોટી જનસંખ્યા ધરાવતો આ દેશનો યોગ્ય વિકાસ આ રીતે કેમનો થઈ શકે? અને આટલી મોટી જનસંખ્યાને રોજગારી કેમની આપી આપી શકાશે? ત્યારે સંભવત: ગાંધીજીની શિક્ષણ નીતિ અપનાવવી જરૂરી છે, જેથી વિકાસ સર્વાંગી, સંપૂર્ણ અને પ્રગતિમાન થાય.

**સંદર્ભસૂચિ**


1. ગાંધી, મોહનદાસ (સંકલન પ્રભુ આર.કે.), મારા સ્વપ્નનું ભારત, નવજીવન પ્રકાશન, અમદાવાદ.
2. _________. સત્યના પ્રયોગો, નવજીવન પ્રકાશન, અમદાવાદ.
3. દવે, જયેન્દ્ર શાસ્ત્રી, ભારતીય ચિંતકોનું શિક્ષણચિંતન, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.
4. પટેલ, એમ.એસ., મહાત્મા ગાંધીની કેળવણીની ફિલસુફી, નવજીવન પ્રકાશન, અમદાવાદ.
5. પટેલ, મનોજભાઈ જે. (૨૦૧૩), ગાંધીનું ધર્મદર્શન, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, ગુજરાત રાજ્ય, અમદાવાદ-૬.
6. પટેલ, લલિત એસ., મહાત્મા ગાંધીજી : જીવન, કાર્ય અને ફિલસુફી, પાટણ.
7. શાહ, ગુણવંત, શિક્ષણદર્શન, બી.એસ.શાહ પ્રકાશન, અમદાવાદ.